આકાશવાણી –ભુજ

સમાચાર વાચક: શિતલ વૈષ્ણવ

કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

તારીખ :૦૬/૦૭/૨૦૨૪ સમય: સવારે: ૬:૫૦

## આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ

આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ નિમિત્તે આજ રોજ ગાંધીનગર ખાતે કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગરથી રાષ્ટ્રીય કક્ષાનો સહકારથી સમૃધ્ધિ કાર્યક્રમનો આરંભ થશે. ત્યારબાદ બનાસકાંઠાના ચાંગડા ગામે સહકારી પાયલોટ પ્રોજેક્ટની મુલાકાત અને મહિલા દૂધ ઉત્પાદકોને શૂન્ય ટકા વ્યાજના રૂપેય ક્રેડિટ કાર્ડનું વિતરણ કરશે. તેમજ ગોધરાના મહુલિયા ગામે સહકારી પાયલોટ પ્રોજેક્ટની મુલાકાત લેશે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ અને સહકાર મંત્રાલયનો સ્થાપના દિવસ એક જ દિવસે ઉજવવામાં આવશે. જેના ભાગરૂપે કેન્દ્ર સરકારે પ્રથમવાર સહકારિતા દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી ગુજરાતમાં કરવાનો નિર્ણય લીધો છે.

આ કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશભરમાંથી રાષ્ટ્રીય કક્ષાના સહકારના પ્રતિનિધીઓ, દૂધ મંડળીઓ સંઘો, સહકારી બેન્કો, એપીએમસી સહિત વિવિધ સહકારી ક્ષેત્રો સાથે જોડાયેલા સંગઠનો, આગેવાનો અને સભાસદો સહભાગી થશે.

RNU AHMDABAD

---

## વિદેશી રોકાણમાં ગુજરાત

નાણાકીય વર્ષ 2024માં ગુજરાતે 7.3 બિલિયન ડોલર સીધા વિદેશી રોકાણ પ્રાપ્ત કર્યું.ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા નવા ડેટા બહાર પાડવામાં આવ્યા છે.. ગુજરાતે ગત નાણાકીય વર્ષમાં પ્રાપ્ત થયેલા 4.7 બિલિયન ડોલર **સીધુ વિદેશી રોકાણ**ની સરખામણીએ ચાલુ નાણાકીય વર્ષ 2024માં 55 ટકાના વધારા સાથે 2.6 બિલિયન ડોલર વધુ **સીધુ વિદેશી રોકાણ** પ્રાપ્ત કર્યું છે.

ગુજરાતે સતત ત્રણ નાણાકીય વર્ષ 2022,2023,2024 માં અનુક્રમે 2.7, 4.7 અને 7.3 બિલિયન ડોલરનું સીધું વિદેશી રોકાણ મેળવીને ઉત્તરોત્તર વૃદ્ધિ નોંધાવી છે.

આ અંગે રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગના મંત્રી બળવંતસિંહ રાજપૂતે હતું કે, વર્તમાન કેન્દ્ર અને રાજ્ય સરકારની મહત્વની ભૂમિકા, તેમજ રાજ્યમાં રોકાણ અને વ્યવસાય માટે અત્યાધુનિક ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓ અને ઉદ્યોગોને અનુકૂળ નીતિઓની ઉપલબ્ધતાના મહત્વ અંગે જણાવ્યું...

નાણાકીય વર્ષ 2024માં કુલ 15.1 બિલિયન ડોલરના **સીધુ વિદેશી રોકાણ**ના પ્રવાહ સાથે મહારાષ્ટ્ર આ યાદીમાં ટોચ પર છે.. ત્યારબાદ ગુજરાત બીજા ક્રમે છે. કર્ણાટક, દિલ્હી અને તેલંગાણા ત્રીજા,ચોથા અને પાંચમા સ્થાને છે.

RNU AHMDABAD

---

## NEET – PG ની પરીક્ષા જાહેર

તીબીબી વિજ્ઞાનમાં અનુસ્નાતક માટેની NEET – PGની પ્રવેશ પરીક્ષા 11 ઑગસ્ટના રોજ, બે ભાગમાં લેવાશે. તબીબી વિજ્ઞાન સંદર્ભેના રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડે પરીક્ષાનું નવું સમયપત્રક જાહેર કર્યું છે. ગત મહિને નીટ-યૂજીમાં કથિત ગેરરીતિ બાદ આ પરીક્ષા રદ્દ કરી દેવામાં આવી હતી. વિદ્યાર્થીઓની રજૂઆત બાદ પરીક્ષાની નવી તારીખ જાહેર કરાઈ છે.

NSD

---

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજના

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજના હેઠળ ભારત સરકાર દ્વારા બેંક ખાતાનું આધાર સીડીંગ– ડીબીટી એનેબલ એટલે કે સક્ષમ કરાવવું ફરજીયાત રહેશે.

ગુજરાતના જે ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ૧૮માં હપ્તાનો લાભ મેળવવાનો બાકી હોય તેવા લાભાર્થીઓએ આગામી ૩૦મી જુલાઈ સુધીમાં બેંક ખાતાનું આધાર સીડીંગ- ડીબીટી એનેબલ નહીં હોય તેમને તેમનો ૧૮મો હપ્તો જમા થશે નહીં, તેમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયું છે.

RNU AHMDABAD

## અષાઢી બીજ ની ઉજવણી તૈયારી

આવતીકાલે અષાઢી બીજ ની ઉજવણી નિમિતે  અમદાવાદના જમાલપુર ખાતે ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા યોજાશે. ભગવાન જગન્નાથની યાત્રા પૂર્વે તેમનો  નેત્રોત્સવ ઉજવાયો હતો. જળયાત્રા બાદ ભગવાન જગન્નાથ,બહેન સુભદ્રા અને ભાઇ બલરામ સાથે મોસાળ એટલે કે સરસપુર સ્થિત રણછોડરાયના મંદિરે ગયા હતા..

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઇને વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ થયું છે. અમદાવાદમાં રથયાત્રાને લઈને શહેરમાં ટ્રાફિક પોલીસની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે કચ્છ સહિત  અલગ અલગ જીલ્લાઓમાં પણ ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાશે.

કચ્છ માં જીલ્લા મથક ભુજ ખાતે સ્વામીનારાયણ પ્રસાદી મંદિર દ્વારા જગન્નાથ મંદિર ની ઝાંખી કરાવતી રથયાત્રા યોજાશે. આ ઉપરાંત, કાયદો અને વ્યવસ્થા જાળવવા રાજ્યના પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત પોલીસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

RNU AHMDABAD

---

## સંપૂર્ણતા અભિયાન

દયાપર ખાતે સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કરાવ્યા બાદ ગઈકાલે નીતિ આયોગના નાયબ નિયામક અંશિકા ગુપ્તા વિકાસશીલ તાલુકા એવા રાપરની મુલાકાતે પહોંચ્યા હતા. રાપર તાલુકાનો વિકાસશીલ તાલુકામાં સમાવેશ ભારત સરકારના નીતિ આયોગ દ્વારા કરવામાં આવ્યો છે. એસ્પિરેશનલ બ્લોકમાં સંપૂર્ણતા અભિયાન આગામી 30 સપ્ટેમ્બર સુધી ચાલશે. જેમાં વિકાસશીલ તાલુકાના નાગરિકોને સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ લાભ મળે તે માટેની રણનીતિ તૈયાર કરવામાં આવી છે.

નાયબ નિયામકશ્રી સહિત રાપર સામૂહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈને આરોગ્યની ઉપલબ્ધ સુવિધાઓની સમીક્ષા કરી હતી.ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા કચ્છના એસ્પિરેશનલ તાલુકા લખપત અને રાપરમાં ‘સંપૂર્ણતા અભિયાન’નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

માહિતી ખાતું